
# અન્તરપટ

(જુગતરામ દવેનાં વીણેલાં કાવ્યો)

સંપાદક

મોહન મઢીકર – 'આનંદ'



GJ
891.473
M 264 A

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# અન્તરપટ

(જુગતરામ દવેનાં વીણેલાં કાવ્યો)


સંપાદક

મોહન મઢીકર – ‘આનંદ’



નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ – ૩૮૦ ૦૧૪

Library IIAS, Shimla
GJ 891.473 M 264 A
00130202

130202
6-9-2010

GJ
891.473
M 264 A

ત્રીસ રૂપિયા

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૯૬

પ્રથમ આવૃત્તિ
૧લી સપ્ટેમ્બર (સેવાદિન) ૧૯૯૬
પ્રત : ૧૫૦૦

ISBN 81-7229-172-8

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ – ૩૮૦ ૦૧૪

## સંપાદકના બે શબ્દો

ગાંધી વિદ્યાપીઠ વેડછીએ સ્વ. જુગતરામભાઈ દવેની સ્મૃતિ તાજી, જીવંત અને દીર્ઘકાળ અખંડ રહી શકે તે સારુ તેમનાં કાર્યોનું વર્ષોવર્ષ થોડું થોડું અનુરટણ કરવાનું વિચાર્યું છે.

૧૯૯૬ના 'સેવાદિન' (૧લી સપ્ટેમ્બર : જુગતરામભાઈનો જન્મદિન) નિમિત્તે જુગતરામભાઈ દવેનાં વીણેલાં કાવ્યોનું પુસ્તક પ્રગટ કરવાનું ઠરાવેલું. પાંચેક વર્ષ પૂર્વે - એમના જન્મશતાબ્દી વર્ષે એમનાં વેરાયેલાં કાવ્યો સંશોધન કરી મેં એકત્રિત કર્યાં હતાં. તેમાંથી શ્રી ભીખુભાઈ વ્યાસ, શ્રી હર્ષકાન્તભાઈ વોરા તથા શ્રી ગભરુભાઈ ભડિયાદરા સાથે મળી અમે કાળના પ્રવાહમાં વિલીન થતાં બચાવી લેવા યોગ્ય, પોતાના પગ પર ઊભાં રહી શકે તેવાં તથા કવિના નોખા નોખા મિજાજનું દર્શન કરાવતાં કાવ્યો અહીં લીધાં છે. પસંદગીના કાર્યમાં વ્યક્તિગત રસ-રુચિ, ગમા-અણગમા ભાગ ભજવી શકે છે. કંઈક ઉદારતા દાખવી આટલાં કાવ્ય-પુષ્પો ચૂંટયાં છે.

દક્ષિણ ગુજરાતની પ્રાથમિક શાળાઓ, આશ્રમી સંસ્થાઓ અને પ્રજાજનો 'અન્તરપટ'નાં ઘણાંખરાં ગીતોને સંગે-પ્રસંગે, રંગે-ઉમંગે, વારે-તહેવારે, પર્વે-ઉત્સવે હોંશે હોંશે ગાતાં આવ્યાં છે. લોકકંઠે આ ગીતો જીવતાં રહ્યાં હોઈ નીવડેલાં ગીતો છે તેમાં શંકા નથી.

ગાંધી વિદ્યાપીઠ વેડછીના પ્રમુખ મુ. શ્રી ઝીણાભાઈ દરજીના જુગતરામભાઈ દવે પ્રત્યેના અપાર પ્રેમાદરને કારણે જ આ પુસ્તક આકાર લઈ શક્યું છે તેની નોંધ લેવી ઘટે.

સર્વસેવાસંઘના પ્રમુખ તરીકેની અતિ વ્યસ્તતાવાળી જવાબદારી માથે હોવાથી, જડબેસલાક કાર્યક્રમોની ભરમાર વચ્ચે પણ અમારા પ્રેમાગ્રહને વશ થઈ આદરણીય શ્રી નારાયણભાઈ દેસાઈએ લગભગ એક પગે ઊભા રહી

'આત્મયોગીની ધૂણી' પ્રસ્તાવના અતિ ઉમંગથી લખી આપી સાચુક્લો ઋણી બનાવ્યો છે.

અંગત રીતે મને જુગતરામભાઈએ કવિતાની સાચી કેડી દેખાડી, તે પર આંગળી ઝાલી દોર્યો હતો. મને અઢળક વાત્સલ્યથી સીંચ્યો હતો. એ ઋણથી શી રીતે મુક્ત થઈ શકાય ? ખરેખર તો આવા ઋણના બોજ સાથે જીવવામાં મઝા આવે છે ! છેલ્લે પાને 'સ્વ. જુગતરામકાકાને–' એક અંજલિગીત મૂકીને તથા આ પુસ્તક માટે મધુર મથામણ કરી 'હું ઋણી છું' એ ભાન સાથે વધુ જાગ્રત થાઉં છું.

'અન્તરપટ' શીર્ષક 'નવજીવન'માં બેઠાં બેઠાં ચર્ચા કરતાં કરતાં શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈના મુખેથી સહજ ટપકી પડેલું ! ને મેં ઉપાડી લીધું એટલું જ.

જે અભ્યાસીઓએ જુગતરામભાઈ દવેની સમગ્ર પદ્યરચનાઓનો અભ્યાસ કરવો હશે તેમને માટે ગાંધી વિદ્યાપીઠ વેડછીના ગ્રંથાલયમાં હસ્તપ્રત ઉપલબ્ધ છે જ.

આ નાનકડા પુસ્તક માટે ઘણા મુરબ્બી અને મિત્રોનો ઉષ્માભર્યો સહકાર મળ્યો છે તેમનો આભારી છું.

ગુજરાતના કોક ખૂણે આ પુસ્તકનું એકાદું ગીત ગુંજતું સંભળાશે તોય મારે મન ગનીમત થશે.

કન્યા વિદ્યાલય, બેડકુવાદૂર
તા.૧૫-૮-૧૯૯૬

**- મોહન મઢીકર – 'આનંદ'**

# આત્મયોગીની ધૂણી

જુગતરામભાઈ આત્મરચનાના કવિ હતા. કાવ્ય-રચના એમનું મુખ્ય કામ નહોતું. એ સારુ તેઓ પંકાયેલા પણ નહોતા. 'ગામડે જાઓ'ના એક ગાંધી-બાણે વીંધાઈને એમણે પોતાના જીવનનાં બાસઠ-ત્રેસઠ વર્ષો દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની સેવામાં ગાળ્યાં. પાંચ તપથીયે લાંબું એમનું તપ જેટલું દેશસેવાર્થે હતું તેટલું જ આત્માર્થે પણ હતું. ગાંધીજી સાથે 'નવજીવન' પત્રોમાં કામ કરતાં કરતાં અને સત્યાગ્રહ આશ્રમમાં જીવતાં એમણે અંતરમાં જે કાંઈ પાઠો ઝીલ્યા હશે તે શેષ આખું જીવન વેડછી અને આસપાસના લોકોની સેવારૂપે સમર્પણ કર્યાં અને તેને જ તેમણે આત્માની ઉન્નતિનો માર્ગ માન્યો. આ સેવાની પીઠ હતી આશ્રમ. એનું વાહન હતું શિક્ષણ. એની સહજ અભિવ્યક્તિ હતી જુગતરામભાઈનું સાહિત્ય.

જુગતરામભાઈનાં કાવ્યોમાં ઉત્તમ છે આત્માર્થે લખાયેલાં કાવ્યો. એક 'અંતરપટ' કાવ્ય જ એમને ગુજરાતી સાહિત્યમાં અમર સ્થાન અપાવે તેવું છે. 'પણછ મારી આંસુના નીરમાં ભીંજાણી' કે 'મારે કોને કરવો સાદ' જેવા ભાવાનુવાદો લગભગ એ જ હરોળમાં બેસે એવાં ગીતો ગણાય. એમ તો જુગતરામભાઈની ઉત્તમ ગદ્ય કૃતિ તે 'આત્મરચના અથવા આશ્રમી કેળવણી' અને ઉત્તમ પદ્ય કૃતિ 'ગીતા ગીતમંજરી'. પણ એ મંજરીમાં 'આ અમૃત ભરિયા સરોવરો રે' જેવાં કાવ્યોમાં સાહિત્યિક ખુશબૂ કાંઈ ઓર છે. જુગતરામભાઈ બાલવાડીના શિક્ષક તરીકે પ્રગટ થયા છે 'મોરમામાની કેરી'ની વાર્તા અને અન્ય બાળકાવ્યોમાં.

જુગતરામભાઈએ આત્માની શ્રેયસાધના અને સેવા કે શિક્ષણને અભિન્ન માન્યાં હતાં. તેથી એમણે સેવા, પ્રચાર અને શિક્ષણ કાજે વાઙ્મય રચવામાં આ લલિત સાહિત્ય કહેવાય કે પ્રચાર સાહિત્ય એની પરવા કરી નથી. એને લીધે જ 'પીશો મા પીશો મા' જેવાં ગીતો રચવામાં સંકોચ અનુભવ્યો નથી. એવાં

આંદોલન ગીતોમાંયે 'કાચા સૂતરનો તાંતણો' કે 'વહાલૂડી વેડછી' જેવાં ગીતોમાં એમનો આત્મા તો પૂરેપૂરો રેડાયો છે. તેથી જ તે આટલાં વર્ષો સુધી લોકકંઠે ઝિલાતાં રહ્યાં છે. માત્ર દરિદ્રનારાયણ સાથે જ નહીં, પણ પ્રાણીમાત્ર જોડે સંવેદના સાધતી જુગતરામભાઈની સેવા 'પરાણી' કાવ્યમાં સુંદર રીતે પ્રગટે છે. એ કાવ્યનો મોટો ભાગ જુગતરામભાઈની સાચી પ્રતિભા પ્રગટાવે છે. વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં ગીતો કે કાવ્યો જુગતરામભાઈ માંહ્યલા નઈ તાલીમના શિક્ષકને પ્રગટ કરે છે. 'રોપો ધાન ધાન ધાન' કે 'અમે હાથે તે કામ બધાં કીજિયે રે' તે પ્રકારનાં ગીતો છે.


આકરી તપસ્યાથી તપીને શુદ્ધ કંચન બનેલો જુગતરામભાઈનો આત્મા 'મોટો તે ખોટો' કે 'અનુભવ જીવનનું નવનીત' જેવાં કાવ્યોમાં પ્રગટે છે.

અનુવાદક તરીકે જુગતરામભાઈ જાણીતા નથી એ એમનો દોષ નથી; આપણા વિવેચકોની ટૂંકી પહોંચનો દોષ છે. રવીન્દ્રનાથનાં કાવ્યોનાં જુગતરામભાઈએ કરેલાં ગુજરાતી ભાષાન્તરો સંપૂર્ણ ગુજરાતી કલેવર ધરીને આવે છે. આ બાબતમાં જુગતરામભાઈ મેઘાણી જોડે તુલ્ય છે. ભાષાન્તરકારને બંને ભાષાઓના સ્વરૂપનું જ્ઞાન અને કાવ્યના વિષયનો અનુભવ જોઈએ. જુગતરામભાઈ પાસે આ બન્ને વસ્તુઓ પૂરતા પ્રમાણમાં છે. તેથી 'બંદો દોડે દોડે', 'ભૂલું નહીં શયને કે સપને', 'મારગડો કોણ ગામ જાશે ?' જેવાં ગીતો મૌલિક રચનાઓ જેવાં જ રઢિયાળાં થયાં છે.

જુગતરામભાઈની સેવાએ દક્ષિણ ગુજરાતમાં શાંત ક્રાંતિ સર્જી છે. એ ક્રાંતિનાં ફળ જેમણે ચાખ્યાં છે તેવા સેવકો, શિક્ષકો અને પ્રજાજનો એમનું ઋણ ભૂલે એમ નથી. આજથી બાર વરસ પહેલાં પ્રગટ થયેલ 'વેડછીનો વડલો' ઉઋણ થવાનું એક પગલું હતું. 'અન્તરપટ' એવું જ એક બીજું પગલું છે.

૫૦મો સ્વાતંત્ર્યદિન — **નારાયણ દેસાઈ**

સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય, વેડછી



જુગતરામ દવે

જન્મ : ૧-૯-૧૮૮૮ અવસાન : ૧૪-૩-૧૯૮૫

## અનુક્રમ


સંપાદકના બે શબ્દો ૩
– મોહન મઢીકર – 'આનંદ'
આત્મયોગીની ધૂણી ૫
– નારાયણ દેસાઈ

**મૌલિક કાવ્યો**

૧. અન્તરપટ ૧
૨. અનુભવ ૨
૩. રોપો ધાન ધાન ધાન ! ૩
૪. વહાલૂડી વેડછી ૪
૫. બાપુ અમર રહો ૫
૬. રાષ્ટ્રપિતા ૬
૭. બાપુજી અમ્મારા રે ૭
૮. નથી નથી રે મર્યા ૮
૯. શી શી અંજલિ આપુંજી ૯
૧૦. કાચા સૂતરનો તાંતણો ૧૦
૧૧. ગાડું છોડી, ગાડી છોડી ૧૧
૧૨. પંચશીલ ૧૨
૧૩. આપબળનાં ગાઓ ગીતો ૧૩
૧૪. પરાણી ૧૪
૧૫. કોને કરવો સાદ ૧૫
૧૬. દારવો પીશો મા ૧૬
૧૭. દારૂએ ઊંધું માર્યું દારૂડિયા ૧૭
૧૮. મનડું દોડીને જાતું દૂર ૧૮
૧૯. વનમાં લાગી આગ ૧૯
૨૦. મોટો તે ખોટો ૨૦

**પ્રહ્લાદ નાટક તથા સહનવીરનાં ગીતો**

૨૧. જો હું દૃઢ સત્યાગ્રહ ધારું ૨૨
૨૨. હાથે કરી કેમ હારી તું જા – ? ૨૩
૨૩. પણછ મારી આંસુના નીરમાં ભીંજાણી ! ૨૪

**ગીતા ગીતમંજરી**

૨૪. જીવન-યુદ્ધ ૨૬
૨૫. અમૃત ૨૭
૨૬. યુગે યુગે અવતાર ૨૮
૨૭. તારી ચાકરીનું મૂલ ૨૯

**ગુરુદેવનાં ગીતો**

૨૮. આવો રે ! ૩૨
૨૯. ચરણ આપનાં ક્યાં વિરાજે ? ૩૩
૩૦. સુંદર નાવલડી ૩૪
૩૧. ભૂલું નહીં શયને કે સપને ૩૬
૩૨. તમે કેમ કરીને ગાઓ હે ગાવાવાળા ! ૩૮
૩૩. રામ તૂહિ ! તૂહિ ! ૩૯
૩૪. મારગડો કોણ ગામ જાશે ? ૪૦
૩૫. બંદો દોડે દોડે ! ૪૧
૩૬. ઘરમાં ભમરો આવ્યો રે – ૪૨
૩૭. તારે અભિસારે ૪૩
૩૮. બાપજી બાપા ૪૪
૩૯. અમે હાથે તે કામ બધાં કીજીએ રે ! ૪૫
૪૦. તું તો જાગી નહીં ! ૪૬
૪૧. મરણનો સત્કાર ૪૮
૪૨. આદર્શ ચિંતન ૪૯
૪૩. ફાતેહ ૫૧
૪૪. કેટલીક ધૂન ૫૨

**બાળગીતો**

૪૫. બાલવાડી ૫૬
૪૬. ચોકમાં દાણા નાંખ્યા છે ! ૫૭
૪૭. ચકલી ૫૮
૪૮. ચકીબહેન ૫૯
૪૯. બહાદુર ચકલી ૬૦
૫૦. મોરમામાની કેરી – ૬૨
૫૧. ઊંચા ઊંચા આભમાંથી ૬૪
૫૨. દાતરડું ૬૫
૫૩. રામ રસ પાક્યા ૬૬
૫૪. ગાલ્લી મારી ઘરરર જાય ૬૭
૫૫. બાલમંદિરિયું ૬૮
૫૬. મને વહાલું ૬૯
૫૭. આજ અમારે છુટ્ટી ! ૭૦
સ્વ. જુગતરામકાકાને (અંજલિગીત)
– મોહન મઢીકર – 'આનંદ' ૭૨

# મૌલિક કાવ્યો

## અન્તરપટ

અન્તરપટ આ અદીઠ —
        અરેરે આડું અન્તરપટ આ અદીઠ.
અહીં મેં માંડી – તહીં તેં માંડી – આંખની આતુર મીટ,
પળ ઊપડી પટ પુનઃ બિડાયું, વા વાયો વિપરીત. અરેરે૦

તું મારાં – હું તારાં ઝીલું વિરહ વ્યાકુળ ગીત;
રાગ સુણ્યો, પણ રંગ ન રેલ્યો, વસમું એ સંગીત. અરેરે૦

આ પા ઊછળે, તે પા ઊછળે, હૃદયો ભરી ભરી પ્રીત;
આકર્ષણ પણ સ્પર્શ નહીં, ક્ષણ-ચેન પડે નહીં ચિત્ત. અરેરે૦

ખીણ કે ખાડી-નદી નથી આડી, વંડી, વાડ કે ભીંત,
હાથ ચડે નહીં, તોય નડે આ ઝાકળ-ઝીણું ચીર. અરેરે૦

## અનુભવ

અનુભવ જીવનનું નવનીત,
અમસ્થું નહીં મળશે, નહીં મળશે.
જે મથશે તેને મળશે,
અમસ્થું નહીં મળશે, નહીં મળશે.
શ્રદ્ધા બુદ્ધિ જોતર બાંધી, પ્રેમે મંથન કરશે;
કપાળથી ટીપાં ઊતરશે, ત્યારે અનુભવ મળશે. અનુભવ૦
અનુભવ જીવનનું નવનીત,
જોયાથી નહીં જડશે, નહીં જડશે.
જે જીવશે તેને જડશે,
જોયાથી નહીં જડશે, નહીં જડશે.
પડતો ને આખડતો પાછો, ખંતે ઊભો થાશે;
નાનાનો એમ મોટો થાશે, તેને અનુભવ મળશે. અનુભવ૦
અનુભવ જીવનનું નવનીત,
અવરથી નહીં મળશે, નહીં મળશે.
એ આપબળેથી મળશે,
અવરથી નહીં મળશે, નહીં મળશે.
પર-અનુભવના પાઠ ભણીને, કોક જ શાણો બનશે;
જાત ઉપર ભાઈ જ્યારે વીતશે, ત્યારે અનુભવ મળશે. અનુભવ૦
અનુભવ જીવનનું નવનીત,
શીખ સુણી નહીં મળશે, નહીં મળશે,
એ અંતરમાંથી મળશે,
શીખ સુણી નહીં મળશે, નહીં મળશે.
શીખ સુણી કદી પેટ ભરે તોય, ભોજનસુખ કુણ તજશે?
જીવ્યાનું જ્યારે લ્હાણું લેશે ત્યારે અનુભવ મળશે. અનુભવ૦
અનુભવ જીવનનું નવનીત,
મફતમાં નહીં મળશે, નહીં મળશે.
મૂલ ભરશે તેને મળશે,
મફતમાં નહીં મળશે, નહીં મળશે.
માથાથી પણ મોંઘો અનુભવ, વણમૂલે કેમ મળશે?
કરમાં લઈ શિર કમળ સમર્પે, તેને અનુભવ મળશે. અનુભવ૦

## રોપો ધાન ધાન ધાન !

ગાઓ ગાન ગાન ગાન !
રોપો ધાન ધાન ધાન !
માથે અમૃતવર્ષાનાં મીઠાં સ્નાન સ્નાન સ્નાન !
ગાઓ ગાન ગાન ગાન !

ઘરથી છૂટચાં બહેનબાઈ,
છૂટચા ચૌટેથી ભાઈ;
બાળક શાળાના લેશે કૃષિનાં જ્ઞાન જ્ઞાન જ્ઞાન !
ગાઓ ગાન ગાન ગાન !

ઊંચે વાદળનાં વારિ,
નીચે છલકંતી ક્યારી,
ગીત ગાયે ને રોપે આખું ગામ ગામ ગામ !
ગાઓ ગાન ગાન ગાન !

ઉપર લાખ લાખ તારા,
નીચે શોભે તરુએ ક્યારા,
લીલાં લીલાં લખાણા હરિનાં નામ નામ નામ !
ગાઓ ગાન ગાન ગાન !

આ તો કામ કે આ રમ્મત ?
મહેનત કહેવી કે ગમ્મત ?
હસતાં રમતાં ઊભરાણાં ઘરઘર ધાન ધાન ધાન !
ગાઓ ગાન ગાન ગાન !

સમરો રામજીની માયા,
ન કરો પેટ પેટ ગાયાં,
કણ કણ ચણજો ને ખોબે દેજો દાન દાન દાન !
ગાઓ ગાન ગાન ગાન !
રોપો ધાન ધાન ધાન !

## વહાલૂડી વેડછી

હાં રે એવી રાનીપરજની કોણ રે આંખ ?
વહાલૂડી વેડછી.
જેણે ફેલાવ્યો પ્રકાશ, અંધારાનો કીધો નાશ. એવી૦
ભણ્યા પાઠો કેવા કેવા ? સૌથી મોટી શીખ્યા સેવા. એવી૦
જેણે આપી દેશદાઝ, અમને ચખાડચું સ્વરાજ. એવી૦
જેણે શિખવાડચો ઉદ્યોગ, સાથે આપ્યો આપભોગ. એવી૦
હાથે પીંજી હાથે કાંત્યા, હાથે વણી અમે માત્યાં. એવી૦
એનાં જાગવાં ઝટઝટ, ભજનિયાંની રમઝટ. એવી૦
એનાં સ્વચ્છ પાયખાનાં, અમે મંદિર જેવાં માન્યાં. એવી૦
એના ગંગાકુંડે નાહવાં, એનાં હાથે કરી ખાવાં. એવી૦
એનો ભવ્ય ભીમકૂવો, કોશ ખેંચો રે શું જુઓ ? એવી૦
એની લીલી લીલી વાડી, અમે સીંચીને જિવાડી. એવી૦
એનાં સાદાં સહભોજન, ખુલ્લા ચોકમાં શયન. એવી૦
એના પ્રવાસો રસાળા, ખાંધે ઝોળી, પગપાળા. એવી૦
અમે બાબા અને બાયે, અને તું અમારી આયા. એવી૦
વહાલી વેડછી અમારે આયા, તોરે દેજે શીળી છાયા. એવી૦
તારી પરાક્રમી ભૂમિ, અમે પ્રેમે કરી ચૂમી. એવી૦
હાં રે એવી રાનીપરજની કોણ રે આંખ ?
વહાલૂડી વેડછી.

## બાપુ અમર રહો

એનું જીવનકાર્ય અખંડ તપો
અમ વચ્ચે બાપુ અમર રહો !
એના જીવનમંત્ર સમો ચરખો
પ્રભુ ભારતમાં ફરતો જ રહો !
અમ જીવનમાં અમ અંતરમાં
એની ઉજ્જવલ જ્યોત જ્વલંત રહો !
અમ દેશનાં દૈન્ય ને દુર્બળતા
એની પાવક આતમજ્વાળ દહો !
એનો સત્યનો સૂર્ય સદાય તપો
અમ પાપ-નિરાશાના મેલ દહો !
એનાં પ્રેમ-અહિંસાનાં પૂર પ્રભો
અમ ભારતના સહુ ક્લેશ વહો !
એણે જીવતાં રામ સદાય રટ્યા,
એ તો 'રામ' વદીને વિદાય થયા;
લઘુ માનવમાં મહિમા ભરવા
નિજ લોહી અશેષ વહાવી ગયા.

## રાષ્ટ્રપિતા

નમો નમો રાષ્ટ્રપિતા રાષ્ટ્રપિતા રાષ્ટ્રપિતા !
અમારા હિંદના સુવર્ણના એ સુદિન હતા !
તમારી પ્રાર્થનાનાં નીર લાખ લાખ પીતા,
ગીતા ગાતાં ને ધૂન રામસીતા રામસીતા !
રવિ-પરભાતે બાપુ રૂપ 'હરિજન' લેતા,
અમારા હિંદમાં 'નવજીવન' ઊગતા સવિતા !
દયાભર્યા દેશભરમાં દોડતા, ન શ્વાસ લેતા,
થાકચા હશો તોય થાકચિહ્ન ના કળાવા દેતા !
આશાના તંતુ રેંટિયામાં કાંતતા મીઠા,
હજારો ગામડાં જીવંત સેવાગ્રામ કીધાં !
તમારાં તપ નિહાળી રાજવીએ ભેખ લીધા,
અને ઉપવાસે ભેદ કાંઢી ચિત્ત એક કીધાં !
તમારા સત્ય-શૂરે માટીમાંથી મર્દ કીધા,
હતાં નહીં શસ્ત્રો તોય સહેજમાં સ્વરાજ્ય લીધાં !

## બાપુજી અમ્મારા રે

અમ્મારા અમ્મારા બાપુજી અમ્મારા રે;
અમ્મારા અમ્મારા ગાંધીજી અમ્મારા રે;
જ્યાં જાય ત્યાં એની જનમભૂમિ,
        સૌએ સગાં પ્રાણપ્યારાં.        બાપુજી૦
દરિયા રે દેવને સૌ દેશ સરખા,
        દ્વીપ દ્વીપ એના કિનારા.        બાપુજી૦
સૂરજદેવ એ તો વિશ્વપ્રવાસી,
        સગાં છે નવલખ તારા.        બાપુજી૦
આવો હૂંફાળા મારા બાપુને ખોળલે,
        આવો જે દીન દુખિયારાં.        બાપુજી૦
આવો બાપુજીનું સૈન્ય ઉભરાવો,
        સતનાં જે હોય જોરવાળાં.        બાપુજી૦
એકલા જાય એ, આપણે શું પાંગળા ?
        ચાલો ચાલો ચેતનવાળાં.        બાપુજી૦
હર્ષ્યા બાપુજીને વર્ષ્યા શ્રીરામજી,
        સવ્વાસો પૂરાં સ્વીકાર્યાં.        બાપુજી૦

## નથી નથી રે મર્યા

નથી નથી રે મર્યા
ગાંધીજી મારા, નથી નથી રે મર્યા.
કોણ કહે છે મર્યા ?
ગાંધીજી મારા, નથી નથી રે મર્યા.
એ તો સચરાચરમાં ભળ્યા,
બાપુજી મારા, નથી નથી રે મર્યા.
જેના શાંતિમંત્ર લઈ જુઓ જવાહર
વિશ્વસંઘ સંચર્યા. ગાંધીજી મારા૦
એના ધર્મબોધથી મદમસ્તાના
અણુવર લજ્જિત કર્યા. ગાંધીજી મારા૦
જેના ત્યાગમંત્ર લઈ જુઓ વિનોબા
ગામ ગામડે ફર્યા, ગાંધીજી મારા૦
એના યજ્ઞઘોષ પર ભૂપતિ ધનપતિ
નિર્ધન શું જઈ મળ્યા. ગાંધીજી મારા૦
જેના રાજમંત્રને રાજગૃહોમાં
વીર વલ્લભે ધર્યા. ગાંધીજી મારા૦
એના વચને મુકુટો મહારાજોએ
ભારતચરણે ધર્યા. ગાંધીજી મારા૦
જેના સેવામંત્ર લઈ ઠક્કરબાપા
વન વનમાં પરવર્યા, ગાંધીજી મારા૦
એનાં દયાર્દ્ર નયને વન્યલોકને
જગ સન્માનિત કર્યા. ગાંધીજી મારા૦

## શી શી અંજલિ આપુંજી

બાપુજી બાપુજી તમને શી શી અંજલિ આપુંજી.
બાપુજી બાપુજી તમને શી શી અંજલિ આપુંજી.
તૂની તૂનીને બાપુજી,
તાજી પૂણી આપુંજી... બાપુજી૦
કાંતી કાંતીને બાપુજી,
સૂતરના ઢગ આપુંજી... બાપુજી૦
વણી વણીને બાપુજી,
સુંદર ખાદી આપુંજી... બાપુજી૦
પૂરેપૂરું બાપુજી,
જીવન મારું આપુંજી.
બાપુજી, બાપુજી તમને શી શી અંજલિ આપુંજી,
પૂરેપૂરું બાપુજી, જીવન મારું આપુંજી.

## કાચા સૂતરનો તાંતણો

અતૂટ એક કાચા સૂતરનો તાંતણો.
હાં રે ઓલી લોઢાની બેડિયુંય તૂટે : અતૂટ૦
હાં રે ઓલી સોનાની સાંકળી વછૂટે : અતૂટ૦
હાં રે ધાર ખાંડાની તેય થાય ખાંડી : અતૂટ૦
હાં રે હાર માને હજાર તોપ ગાંડી : અતૂટ૦
હાં રે દુર્બળિયાંને બળિયા શું બાંધે : અતૂટ૦
હાં રે શામળા શું ઉજળિયાંને સાંધે : અતૂટ૦
હાં રે અંધ સાથે આંખાળાંને બાંધે : અતૂટ૦
હાં રે પંગુ સાથે પાંખાળાંને સાંધે : અતૂટ૦
હાં રે રાંક સાથે તે રાજવીને બાંધે : અતૂટ૦
હાં રે રામ સાથે તે માનવીને સાંધે : અતૂટ૦
હાં રે કાંતો કાંતો ને બહેન પૂરી પ્રીતે : અતૂટ૦
હાં રે કાંતો કાંતો ને ભાઈ એકચિત્તે : અતૂટ૦
હાં રે ઘરોઘરમાં એ પ્રેમનો પ્રસારો : અતૂટ૦
હાં રે મારી ભારતીના ભારને ઉતારો : અતૂટ૦
હાં રે રૂડા રેંટિયા ! અખૂટ બાપ દેજો : અતૂટ૦
હાં રે બાપુ ગાંધીજીની જિંદગીનો રહેજો : અતૂટ૦

# ગાડું છોડી, ગાડી છોડી

ગાડું છોડી, ગાડી છોડી ભટકે ભવ્ય ભિખારી,
ભૂમિ આપો ભૂમિ આપો, જગનાં હો નરનારી !
આ ભૂમિ પ્રભુની સારી !
સૌ સંતાનો ભૂમાતાનાં, સૌ એના અધિકારી;
ભૂખ્યાં બાળક જોઈ માતા, પામી રહી દુઃખ ભારી;
આ ભૂમિ પ્રભુની સારી !
સ્વરાજ્યનો સૂર્યોદય ઝળક્યો, ગુલામી ગઈ અંધારી,
હજુ આપણાં સગાં સહોદર કેમ સહે દુઃખ કારી ?
આ ભૂમિ પ્રભુની સારી !
પાકી છે ક્રાંતિની વેળા, પ્રભુએ નિર્મિત પ્યારી,
શોભે નહીં કંજૂસી આજે, શૂરા લિયો સ્વીકારી,
આ ભૂમિ પ્રભુની સારી !
રાજાઓએ રાજ્યો આપ્યાં, રંકે આપી વાડી;
આપો આપો પાવન થાવા, કોઈ ખેતર, કોઈ ક્યારી !
આ ભૂમિ પ્રભુની સારી !

## પંચશીલ

જીવમાત્રની હિંસા ન કરો,
બુદ્ધદેવનું પહેલું શીલ;
અણદીધેલું કદી ન લેશો,
બુદ્ધદેવનું બીજું શીલ;
સંયમ પાળો, શીલ સંભાળો,
બુદ્ધદેવનું ત્રીજું શીલ;
અસત્ય ભાષણ કદી કરો નહીં,
બુદ્ધદેવનું ચોથું શીલ;
કદી કેફના ફંદે ન પડો,
બુદ્ધદેવનું પંચમ શીલ;
દુનિયાભરમાં સર્વે પાળો,
બુદ્ધદેવનાં પાંચે શીલ.

## આપબળનાં ગાઓ ગીતો

આપબળનાં ગાઓ ગીતો,
　　ખેડૂતો આજ આપબળનાં ગાઓ ગીતો !
આપબળનો રૂડો આવ્યો જમાનો,
　　દેવાનો યુગ હવે વીત્યો. ખેડૂતો આજ૦
પારકે પૈસે છાકટો થઈ તું,
　　દારૂ ને તાડી પીતો. ખેડૂતો આજ૦
પારકે પૈસે ભોંયવાળો થાતાં,
　　ઘરની તેં ખોઈ ભલી ભીંતો. ખેડૂતો આજ૦
પારકે પૈસે કરજ કર્યામાં,
　　પડ્યો તું પાટ જેવો ચીતો. ખેડૂતો આજ૦
પારકો પૈસો કાચો છે પારો,
　　રોમ રોમ ફૂટે ઓચિંતો. ખેડૂતો આજ૦
પારકાં દેવામાં ડૂબો મા ખેડૂતો,
　　આપબળે સ્વરાજ જીતો. ખેડૂતો આજ૦

## પરાણી

દયા ધરમના ધારતા રે, તારી જોવા દે પરાણી રે,
તારી જોવા દે પરાણી !
કેવડી તીણી આર ચડાવી તેં, દયા હૃદયમાં આણી રે,
તારી જોવા દે પરાણી !
ગાયોના પૂજારી રે, તારી જોવા દે પરાણી રે,
તારી જોવા દે પરાણી !
કુંકુમ ને તારા અક્ષતામાં, કેવડી આર સંતાડી રે ?
તારી જોવા દે પરાણી !
જગત કેરા તાત રે, તારી જોવા દે પરાણી રે,
તારી જોવા દે પરાણી !
મૂંગા આ તારા પુત્રની શેણે, ચામડી થઈ ગઈ કાણી રે,
તારી જોવા દે પરાણી !
રંગીલા હાંકેડુ રે, તારી જોવા દે પરાણી રે,
તારી જોવા દે પરાણી !
એક-બે ગોદા ખાય તો, 'થાળ' પડે તોફાની રે,
તારી જોવા દે પરાણી !
ફરસી સારી, બરછી સારી, જેની રમત બેચાર ઘાની રે,
જેની રમત બેચાર ઘાની !
પળે પળે આ ડંખ દેતી, વીંછણ ભૂંડી પરાણી રે,
તારી જોવા દે પરાણી !
તીર અને તલવાર શોધી, બાઝો છો બોલતાં પ્રાણી રે,
તમે બાઝો છો બોલતાં પ્રાણી !
અબોલ જીવને પીડવા શીદ, શોધી આ દૈત્ય પરાણી રે,
તારી જોવા દે પરાણી !
ગાવા, સુણવા ને વાહવા કરવા, નથી મલાવી આ વાણી રે,
મેં નથી મલાવી આ વાણી !
તાણી કાઢ આર, અહિંસક કર, આજ ને આજ પરાણી રે !
તારી જોવા દે પરાણી !

## કોને કરવો સાદ ?

હાં રે કોને કરવો સાદ –
મારે કોને કરવો સાદ,
        બંધન આવીને મારાં કાપજો.
હું તો લાંબા કરીને હાથ,
ઊભો લાંબા કરીને હાથ,
        હાથનો આધાર નાથ કાપજો.
આવ આવ કહીને આકરો,
        કરજો નાથ પુકાર,
લાજ રહે નવ ભય રહે–
        હૈડે હિંમત અપાર.
હાં રે તોડી સરવે પાશ,
હું તો તોડી સરવે આશ,
        હડી રે મેલીને ઝાલું હાથ જો,
        બંધન આવીને મારાં કાપજો.
સ્વપ્નાં કેરી દોરડીને
        ઊંધે દીઠી ગાંઠ,
જકડી લીધો જોરથી–
        પડિયો મૂઢ મુશ્કેટાટ,
પડખે બેઠો રે ચુપચાપ,
નયણાં બીડી આતમ આપ,
        બાળી બાંધો એને પ્રગટાવજો,
        બંધન આવીને મારાં કાપજો.
દિન પર દિન મુજ મોંઘલા,
        વહી વહી લય જઈ જાય,
બોલ્યાનો નહીં આશરો-
        આંખો રસ રસ ચુવાય,
મારો રોઈ રોઈ સુકાય,
પ્રાણિયો રોઈ રોઈ સુકાય,
        ધાઈ તેને, છાતીસરસો ચાંપજો.
        બંધન આવીને મારાં કાપજો.

## દારવો પીશો મા

તમે પીશો મા, પીશો મા, પીશો મા,
દારવો પીશો મા;
તમે ભડ ભડ ભડ બાળનારો કે
દારવો પીશો મા.
તમે પીઓ તો ગોરસ પીજો કે
દારવો પીશો મા;
તમે ભડ ભડ ભડ ડિલ બાળનારો કે
દારવો પીશો મા.
તમે પીઓ તો પ્રેમરસ પીશો કે
દારવો પીશો મા;
તમે ભડ ભડ ભડ દિલ બાળનારો કે
દારવો પીશો મા.
તમે પીઓ તો આમરસ પીજો કે
દારવો પીશો મા;
તમે ભડ ભડ ભડ ધન બાળનારો કે
દારવો પીશો મા.
તમે પીઓ તો રામરસ પીજો કે
દારવો પીશો મા;
તમે ભડ ભડ ભડ પુણ્ય બાળનારો કે
દારવો પીશો મા.

## દારૂએ ઊંધું માર્યું દારૂડિયા

દારૂએ ઊંધું માર્યું દારૂડિયા !
દારૂ તું છોડી દેને રે;
તાડી તું છોડી દેને રે. દારૂએ૦
જમીન બમીન વેચી ખાધી (૨)
ખાતું તો વ્યાજ માંડી ડૂલ્યું, દારૂડિયા ! દારૂ તું૦
હળ બળ વેચી ખાધાં(૨)
બળદ તો વ્યાજમાંહી ડૂલ્યા, દારૂડિયા ! દારૂ તું૦
ગાલ્લી બાલ્લી વેચી ખાધી (૨)
ઝૂંસરી તો વ્યાજમાં ડૂલી, દારૂડિયા ! દારૂ તું૦
છાપરી બાપરી વેચી ખાધી (૨)
પોયરાં તો વ્યાજમાં ડૂલ્યાં, દારૂડિયા ! દારૂ તું૦
લાજ બાજ મેલી દીધી, (૨)
કલાલની ચાકરીમાં ચાલ્યો, દારૂડિયા ! દારૂ તું૦
પૈહા સાટે ટપલા મળ્યા, (૨)
વ્યાજમાં તો ભૂંડી ગાળો, દારૂડિયા ! દારૂ તું૦
ધણી મટી ઢોર બન્યો, (૨)
દારૂએ ઘાણ તારો વાળ્યો, દારૂડિયા ! દારૂ તું૦

## મનડું દોડીને જાતું દૂર-

મનડું દોડીને જાતું દૂર,
દૂર કોઈ દૂરના દેશમાંજી.
વાંસલડી વહાલી પેલી,
લહરી જેમાં રડતી ઘેલી,
એ બંસીને ઘેરે ઘેરે સૂર,
મનડું દોડીને જાતું દૂર. — દૂર૦
મારગડો મોટો પેલો,
દેશો સૌ વ્યાપી વળેલો,
ઉદાસ થાતો લોપાતો જઈ દૂર,
મનડું દોડીને જાતું દૂર. — દૂર૦
તે મારગડે જાવા મારો,
જીવડો તલસે બિચારો,
જાવું અલખ એવે પૂર,
મનડું મારું જાતું દૂર. — દૂર૦

## વનમાં લાગી આગ


અહો ! આ શી વનમાં લાગી આગ !
ખીલ્યો કેવો ખાખરાનો સોહાગ !
ડુંગરા માથે,
વાટને કાંઠે, ખીલ્યા કેસૂડાના ફાગ !
લીલામાં કેવા
પીળા પીળા - ખીણમાં છાપ્યા ડાઘ
અહો ! આ શી વનમાં લાગી આગ !
વનના છોરા,
ચારે ઢોરાં - પહેરી કેસૂડી પાઘ !
કેસૂડા માળા,
ધારી વનબાળા - ગાતી કેસૂડા રાગ !
અહો ! આ શી વનમાં લાગી આગ !
સુક્કાં લાકડાં
પલાશ ખાખરા - વાહ તેનાંય સૌભાગ્ય !
લુખ્ખાં ગામડાં
આપણાં દામણાં - વાહ તેનાંય સૌભાગ્ય !
અહો ! આ શી વનમાં લાગી આગ !
ભડકા ભૂલી
તડકા ભૂલી - વનરા થઈ છે બાગ !
દુ:ખડાં ભૂલી
ભૂખડાં ભૂલી - ગામડાં ગાય છે ફાગ !
અહો ! આ શી વનમાં લાગી આગ !
ખીલ્યો ખીલ્યો ખાખરાનો સોહાગ !

## મોટો તે ખોટો

માન મા મન થકી મોટો,
હો માનવી ! માન મા મન થકી મોટો. (ધ્રુવ)
નાનો હતો ત્યારે મોટા થવાની
હોંશે થતો નિત મોટો;
મોટો મોટો કરી તને લોકે ચડાવ્યો,
અલ્યા ! તે દીનો તું થયો ખોટો. હો માનવી૦
નાનો હતો ત્યારે નાની હાથૂડીએ,
વિશ્વાસે વસ્તુ સ્હાતો;
મોટો તું મનથી બન્યો તે દીનો,
વહેમ થકી મારતો લાતો. હો માનવી૦
નાનો હતો ત્યારે માનીતો થઈને,
સૌમાં તું સહેજમાં સમાતો;
મોટો બનીને હવે દરિયો ને દુનિયા,
માથે ઉપાડવાને ધાતો. હો માનવી૦
નાનો હતો તો કેવો નાનાં માબાપને,
પ્રેમે પ્રભુ ગણી જોતો;
મોટાઈમાં આજ અલ્યા ! ત્રણે ભુવનનો
સ્વામી તે તારે મન છોટો. હો માનવી૦

# પ્રહ્‌લાદ નાટક
# તથા
# સહનવીરનાં ગીતો

હાથે કરી કેમ હારી તું જા ?
　　થાતું નથી કહી બેસી શું જા ?



Acc. No. 130202
Date 6-9-2010

## જો હું દઢ સત્યાગ્રહ ધારું

હરિ! જો હું દઢ સત્યાગ્રહ ધારું,
પ્રભુ! જો હું સહતાં સત્ય ન હારું-
તો પ્રહ્લાદ સદા સંઘરજે,
જન્મે જન્મ કૃપાળુ. - હરિ જો૦
ભૂલો ને લંગડતો આવું, જીભે લોચા વાળું,
એવો એવોય વહાલો ગણજે,
ગણજે બાળક તારું. - હરિ જો૦
આંખો ફોડે, નાક ઉતરડે, મસ્તક તોડે મારું;
તોય હરિ તું ખોળે લેજે,
ભૂલે છો જગ સારું. - હરિ જો૦
લોહી વિશે રૂપ બને રાતડું, ચિતા તવાઈ કાળું,
તોયે હરિ આલિંગન દેજે,
રુદયા સરસું પ્યારું. - હરિ જો૦
સહતો સહતો દેહ પડે ને જન્મે શ્વાન બિલાડું,
આંખ જોઈ ઓળખજે હરિ તું,
એ જ અરજ ઉચ્ચારું. - હરિ જો૦

## હાથે કરી કેમ હારી તું જા - ?


હાથે કરી કેમ હારી તું જા ?
થાતું નથી કહી બેસી શું જા ? હાથે૦
સરખાવી જો ઓલ્યો બાળો પ્રહ્‌લાદજી,
તુંથી હુતી શું એની લાંબી ભુજા ? હાથે૦
જુલમની જાળમાંય રમતો એ બાળુડો,
રોતલ થતાં શું તને ના'વે લજ્જા ? હાથે૦
છૂંદ્યો છેદ્યો ને એને સળગાવ્યો જીવડો,
એવી ક્યાં તેં તો હજી સાંખી સજા ? હાથે૦
નાજુક કાયા તે તારી કેવીક કાપરા ?
કંકણ પ્રહ્‌લાદ કને તું તો કૂચા ! હાથે૦
જોયો જોયો રે તારો જાલિમ જોરાવર,
હિરણ્ય વાઘ અને એ તો અજા. હાથે૦
મૃત્યુને રોજ તાલી દેતા પ્રહ્‌લાદજી,
સંકટ સ્પર્શ્યું કે તત્ત્વ નહોતા તજ્યા. હાથે૦
સાચાને શક્ય સહુ, ખોટાને મિષ બહુ,
બાળે ત્રિકાળ એવી રોપી ધજા. હાથે૦

## પણછ મારી આંસુનાં નીરમાં ભીંજાણી !

પણછ મારી આંસુનાં નીરમાં ભીંજાણી !
હરિએ મારા પિતા સંગાથે ગાંઠ પાડી. પણછ૦
પારકો હોય તો દાંત પીસીને એના
ખડ્ગને જાઉં હું પલાણી. - પણછ૦
રાતી તે આંખ ભાળી ઊઠું ખોંખારી,
પાછો બેસું ખૂણાનાં જોઈ પાણી. - પણછ૦
ત્રાડ સુણીને મને ઝાળ ચડી'તી,
ત્યાં તો કંઠમાં ત્રાડ કરમાણી. - પણછ૦
તીરે ઘવાયો હું તો ક્રોધમાં ધાયો,
ત્યારે તાત પડ્યા છે મૂર્છા આણી. - પણછ૦
પહાડે પછાડ્યો, મને દરિયે ડુબાવ્યો,
તોય વૃત્તિ ન જાગી લડવાની. - પણછ૦
થંભ ધખાવ્યો તેથી કોપ ન લાવો હરિ !
અંતરની તમને ક્યાં અજાણી ? - પણછ૦
કર જોડું નરહરિ, નહોર લો પરહરી,
શિશુને જ શક્તિ દો સહવાની. - પણછ૦

# ગીતા ગીતમંજરી

આવ આવ જીવનસાગરમાં અર્જુન !
લે આ ગીતા - વહાણ ...



## જીવન-યુદ્ધ

જીવન જીવી અર્જુન ! જાણ.
માંહીથી ઝરશે ગીતાજ્ઞાન.
જીવન નિશ્ચે જ્ઞાન પ્રસવશે, રજની તે જેમ ભાણ. જીવન૦
જીવન બાપુ ! પૂજન પ્રભુનું, નહીં નહીં પાપ પ્રમાણ. જીવન૦
જીવ્યામાં જો પાપ, ભલા શું, શબ થઈ સૂવું સ્મશાન ? જીવન૦
જીવન-ખેલો ખેલ ખુશીથી, ભેરુ કરી ભગવાન. જીવન૦
જીવન-યુદ્ધોનો થા યોદ્ધો, યજ્ઞાર્થે દે પ્રાણ. જીવન૦
નહીં તારે, પણ ડારી મારે, તટ જોયાં તોફાન. જીવન૦
આવ આવ જીવનસાગરમાં, લે આ ગીતા-વહાણ. જીવન૦

## અમૃત

આ અમૃત ભરિયાં સરોવરો રે,
એના ઝીલનાર વીરલા કોક રે,
શૂરવી સુરવરો રે.
આ હિંમત હોય તે પરવારો રે,
પડો પ્રીતે ઓ શૂરવીર લોક રે
- પ્રાણભર તરો તરો રે, ...આ૦
કોઈ કહે અમૃત મીઠડાં, મીઠા મધની પેર,
અનુભવિયાં અવળું કહે,
એ તો કડવાં કડવાં ઝેર.
આ તરી જાણ્યા જો ભવસાગરો રે,
તરી જાણ્યા જો કામ ક્રોધ શોક રે,
- અમીરસ તો તો હરો રે. ...આ૦
કોઈ કહે અમૃત શીતળાં, ગગને જેવો ચંદ;
અનુભવિયાં અવળું કહે
એ તો તીખી આગ પ્રચંડ,
આ તપે તપેલ જેણે દેહ ખરો રે,
જેણે સહેલ સંકટોના થોક રે,
- તે જ કર તેમાં ધરો રે. ...આ૦
કોઈ કહે અમૃત નીર શાં, પીધાની એક વસ્તુ;
અનુભવિયાં અવળું કહે,
એ તો મહેરામણ છે મસ્ત.
આ કડવા તે ઘૂંટડા પી શકો રે,
પીને મીઠાં હસી શકો હાસ રે,
- પીને પ્રાણ તો તો ભરો રે. ...આ૦

## યુગે યુગે અવતાર

વર્ષે વર્ષે મેઘવૃષ્ટિ ને
        અર્જુન ! યુગે યુગે અવતાર.
        અર્જુન ! યુગે યુગે અવતાર.
સૃષ્ટિ નવપલ્લવતા ધરશે,
        હૃદયો સત-સંચાર. - અર્જુન૦
કૂડા કચરા વધશે જ્યારે,
        ધોશે મુશળધાર. - અર્જુન૦
ધર્મ રસાતળ જાશે જ્યારે,
        ઉદ્ધરશે અવતાર. - અર્જુન૦
તૃણ શાં તુચ્છ થશે જન જ્યારે,
        મળશે ખારતનાર. - અર્જુન૦
મુર્દા દિલમાં ચાનક ભરશે,
        ગીતાનો હુંકાર. - અર્જુન૦


## તારી ચાકરીનું મૂલ -

શ્રી ભગવાન બોલ્યા :
તારી ચાકરીનું મૂલ -
અર્જુન ! વિશ્વ ચરાચર ડૂલ;
તારું પ્રેમ-સુગંધિત ફૂલ -
એનું મસ્તક-મોંઘું મૂલ.
કણ સાટે કણ લેવા દેવા,
કણિયો ક્ષુદ્ર કબૂલ;
કણ લઈ આપું સભર કણસલું,
તોયે ડંખે શૂલ. તારી૦
શ્રીમંતો સેવી જન પામે
એક રોજનું નૂર;
અમરપદ અર્જુન કર અર્જુન !
મારો થઈ મજૂર. તારી૦
પરસેવાનાં પૂર થાય હા,
સ્વારથ રણમાં ગૂલ,
એ પૂરો મુજ પ્રત્યેવાળો,
થાઓ મા જન સ્થૂળ. તારી૦
શ્રી અર્જુન બોલ્યા :
બહુ ગાયાં પામરનાં ગીતો,
ચૂમી પામર પદ ધૂળ;
વહો હવે જીવનમાં મારા,
ગીતા કૃષ્ણ ! - વિપુલ. તારી૦

# ગુરુદેવનાં ગીતો

(ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનાં કાવ્યોનો ભાવાનુવાદ)

આવો અંગમાં પુલકિત સ્પર્શરૂપે,
આવો ચિત્તમાં અમીરસ હર્ષરૂપે.



## આવો રે !

તમે પ્રાણમાં નવ નવ રૂપ ધરીને આવો રે,
મારા પ્રાણમાં નવ નવ રૂપ ધરીને આવો રે !
આવો ગંધરૂપે, આવો રંગરૂપે,
મનમોહન ગાયન રૂપ ધરીને આવે રે !
તમે પ્રાણમાં નવ નવ રૂપ ધરીને આવો રે.
આવો અંગમાં પુલકિત સ્પર્શરૂપે,
આવો ચિત્તમાં અમીરસ હર્ષરૂપે,
મારાં નેનમાં નૂર અનૂપ થઈને આવો રે !
તમે પ્રાણમાં નવ નવ રૂપ ધરીને આવો રે !
આવો નિર્મળ ઉજ્જ્વળ કાન્ત તમે,
આવો સુંદર સ્નિગ્ધ પ્રશાન્ત તમે,
નાના નામ ને નાના રૂપ લઈને આવો રે !
તમે પ્રાણમાં નવ નવ રૂપ ધરીને આવો રે.
સુખદુ:ખ વિષે, આવો મર્મ વિષે,
મારાં નિત્ય નવાં નવાં કર્મ વિષે,
કર્મો પૂરણ થાતાં સ્વરૂપ થઈને આવો રે !
તમે પ્રાણમાં નવ નવ રૂપ ધરીને આવો રે !

## ચરણ આપનાં ક્યાં વિરાજે ?

ચરણ આપનાં ક્યાં વિરાજે, ચરણ આપનાં ક્યાં
ચરણ આપનાં ત્યાં વિરાજે, ચરણ આપનાં ત્યાં -
 સૌથી દલિત,
 સૌથી પતિત, રંકનાં ઝૂંપડાં જ્યાં !
 પાછાંમાં પાછાં,
 નીચામાં નીચાં, દૂબળાં બાપડાં જ્યાં –
 ચરણ આપનાં ત્યાં વિરાજે, ચરણ આપનાં ત્યાં !
પ્રણામ નામું આપને, મારા પ્રણામ જાય છે ક્યાં ?
જે ઠામ પ્રણામ નામું તે ઠામ આપના પાય છે ના !
અપમાનોની ઊંડી ખાડે રિબાય રાંકડાં જ્યાં –
પ્રાણનાં ઝીલનારાં રાજે ચરણ આપનાં ત્યાં !
 ચરણ આપનાં ત્યાં વિરાજે, ચરણ આપનાં ત્યાં !
હું હું કરતો લટક્યો, મારો હું ન પહોંચ્યો ત્યાં –
તાજ વિનાના, સાજ વિનાના આપ રમો છો જ્યાં !
પાછાંમાં પાછાં, નીચાંમાં નીચાં, દૂબળાં બાપડાં જ્યાં –
 ચરણ આપનાં ત્યાં વિરાજે, ચરણ આપનાં ત્યાં !
ધનનાં ધામો, રાજનાં માનો, મહેલ બગીચા જ્યાં,
મૂરખ મેં તો બાંધેલ આપના લાભની આશા ત્યાં !
ભેરુહીનનાં ઘરમાં રહ્યા ભેરુ થઈને જ્યાં,
હૈયું મારું ક્યાં નમે છે નાનું થઈને ત્યાં ?
પાછાંમાં પાછાં, નીચાંમાં નીચાં, દૂબળાં બાપડાં જ્યાં –
 ચરણ આપનાં ત્યાં વિરાજે, ચરણ આપનાં ત્યાં !

## સુંદર નાવલડી !

ધોળા દૂધલ સઢ ને માંહ્ય
મધુરી લ્હેરખડી !
મેં તો દેખી નહોતી દુનિયામાં ક્યાંય
આવી રૂડી નાવલડી !
કિયા કિયા દરિયા પાર કર્યા ?
કિયા દેશના ભરિયાં ધન ?
સુંદર નાવલડી !
મેં તો જોઈ નહોતી જિંદગીમાં ધન્ય -
આવી રૂડી નાવલડી ! ધોળા૦
આ રે કાંઠાનાં બધાં લહેણાં વિસારી,
આ રે કાંઠાનાં બધાં નહેડા વિસારી,

માંહી ચડ્યા લોભાય મારું મન!
સુંદર નાવલડી!
મેં તો દીઠી નહોતી કોઈ દિન
આવી રૂડી નાવલડી! ધોળા૦
ગુડુડુડુ ગુડુડુડુ ગાજે ને મહેલો
વરસે ઝરમર નીર;
મેઘની ફાટમાંથી સૂરજ કુમળો
ફેરવે મુખ પર હીર -
અરુણિયા આંગળડી!
અને ડોલંતી સાગરને તીર
સુંદર નાવલડી!
મેં તો જોઈ નહોતી સમદર તીર
આવી રૂડી નાવલડી! ધોળા૦
ભાઈ રે માલમા! કોણ તું વા'લમા!
કિયા માલિકના માલ -
ઊભરાય નાવલડી?
હીરામોતીના એવા લાખેણા ફાલથી,
હસ્યાં રોયાંનાં એવા મોંઘેરા માલથી,
કિયા લખેશરીની લાલ!
છલકાય છાતલડી?
મેં તો ભાળી નહોતી કોઈ કાળ -
આવી રૂડી નાવલડી! ધોળા૦
ડોલે છે નાવડી ને ડોલે મારી છાતડી,
નાચી ઊઠે છે મારા કરની કરાંગુલિ,
હું તે વીણા જ લઉં કે સિતાર?
રૂડી રૂડી નાવલડી!
આજ ભૈરવ ઉતારું કે મલ્હાર?
વહાલી વહાલી નાવલડી! ધોળા૦

## ભૂલું નહીં શયને કે સપને -

ના દો તો પ્રભુ ! ભલે ન દેશો
દર્શન તમ્મારાં
આ ને આ જન્મે મારા :
મિલન હજુ નથી થયું તમારું
એના ભણકારા -
રહેજો અંતરમાં મારા !
ભૂલું નહીં શયને કે સપને,
શલ્ય જેવા સાલો મનને-
મિલન હજુ નથી થયું તમારું
એના ભણકારા -
રહેજો અંતરમાં મારા ! - ૧
આ સંસારી ગુજરીમાં મુજ
ઝાઝા કે થોડા-
ગુજરજો જીવનના દહાડા :
ધનના ઢગલા વડે ભરાજો
હાથ ભલે મારા !
લાધજો સુખ અપરંપારા;
ખરી કમાણી કશી ન થઈ હજુ
એના ભણકારા -
રહેજો અંતરમાં મારા !
ભૂલું નહીં શયને કે સપને,
શલ્ય જેવા સાલો મનને-
ખરી કમાણી કશી ન થઈ હજુ
એના ભણકારા -
રહેજો અંતરમાં મારા ! - ૨

વાટ વચ્ચે ભરાય અંગો
આળસથી મારાં,
વધે નહીં આગળ પગ મારા;
ભોંય પર હું ભલે પડી રહું,
ગાત્રો આ મારાં
પસારીને હિંમત-હારાં;
આખી વાટ હજુ રહી બાકી
એના ભણકારા-
રહેજો અંતરમાં મારા!
ભૂલું નહીં શયને કે સપને,
શલ્ય જેવા સાલો મનને-
આખી વાટ હજુ રહી બાકી
એના ભણકારા-
રહેજો અંતરમાં મારા! - ૩
મંગળ વાદ્યો મચી રહે ને
આનંદફુવારા-
ભરી દે મંદિરિયાં મારાં;
ઓચ્છવ રંગે ભલે જ રમીએ
ઘરનાં જાણ સારા-
સજીને શણગારો સારા;
તમે હજુ ઘેર નથી પધાર્યા
એના ભણકારા-
રહેજો અંતરમાં મારા!
ભૂલું નહીં શયને કે સપને,
શલ્ય જેવા સાલો મનને-
તમે હજુ ઘેર નથી પધાર્યા
એના ભણકારા-
રહેજો અંતરમાં મારા! - ૪

## તમે કેમ કરીને ગાઓ હે ગાવાવાળા !

તમે કેમ કરીને ગાઓ હે ગાવાવાળા !
હું તો મંત્રમુગ્ધ પીઉં કેવળ પ્યાલા !
સૂરનાં તેજોભૂવન છાઈ રહે છે,
સૂરની હવા ગગન ભરી વહે છે;
પાષાણ તોડતી, દોડતી વ્યાકુળ વેગે-
સર્યે જાય છે સૂરની સરિત્ ધારા !
હું તો મંત્રમુગ્ધ પીઉં કેવળ પ્યાલા !
મનેય થાય હું એવા જ સૂરે ગાઉં,
શોધું શોધું તોય કંઠમાં સૂર ના પાઉં;
બોલવા ચાહું-બોલતાં બોલ જ નડે,
મૂંઝાઈ મૂંઝાઈ પ્રાણિયો મારો રડે !
કેવો મને તમે સૂરના ત્રાગડા વડે-
જાળ વણીને બાંધ્યો બાંધવાવાળા !
હું તો મંત્રમુગ્ધ પીઉં કેવળ પ્યાલા !
તમે કેમ કરીને ગાઓ હે ગાવાવાળા !

## રામ તૂહિ ! તૂહિ !

જાતવ્હોણાં કેરી જાત, રામ તૂહિ ! તૂહિ !
નાથવ્હોણાં કેરો નાથ, રામ તૂહિ ! તૂહિ !
ગતિવ્હોણાં કેરી ગતિ, રામ તૂહિ ! તૂહિ !
પતિત કેરો પાવન પતિ, રામ તૂહિ ! તૂહિ !
નેણા કેરું નમણું નૂર, રામ તૂહિ ! તૂહિ !
રસના કેરું રસપૂર, રામ તૂહિ ! તૂહિ !
રત્નો કેરો મોંઘો હાર, રામ તૂહિ ! તૂહિ !
જીવનો જૂનો જોડીદાર, રામ તૂહિ ! તૂહિ !
રૂપ રૂપનો ભંડાર, રામ તૂહિ ! તૂહિ !
વાણી મીઠી મનોહાર, રામ તૂહિ ! તૂહિ !
સુખ સાચું ને વળી સ્થિર, રામ તૂહિ ! તૂહિ !
મર્મો કેરી પ્યારી પીડ, રામ તૂહિ ! તૂહિ !
મારું ગરીબ કેરું ધન, રામ તૂહિ ! તૂહિ !
મારું મૂંગાનું વચન, રામ તૂહિ ! તૂહિ !
જન્મ્યા કાળનો હિંડોળો, રામ તૂહિ ! તૂહિ !
મૃત્યુ ટાણે શીતળ ખોળો, રામ તૂહિ ! તૂહિ !

## મારગડો કોણ ગામ જાશે ?

મારગડો કોણ ગામ જાશે રે,
આ મારગડો કોણ ગામ જાશે ?
કોઈ કહેશો તો પાડ ઘણો થાશે રે,
આ મારગડો કોણ ગામ જાશે ?
કેવા રે કેવા પહાડો ઓળંગે ?
કેવા રે કેવા સમદર લંઘે ?
ક્યા આશાના પાર પરદેશે રે,
આ મારગડો કોણ ગામ જાશે ?
મારગડે કોણ કોણ કેવા વટેમારગુ,
બોલતાં ને ડોલતાં જતા હશે રે !
એ તો આવે ને જાય કોણ દેશે રે,
કોઈ કહેશો તો પાડ ઘણો થાશે રે,
આ મારગડો કોણ ગામ જાશે ?
મારગડાના એ વહાલા વટેમારગુ,
આવે ને જાય શા ઉદ્દેશે રે ?
કોઈ કહેશો તો પાડ ઘણો થાશે.
મારગડો કોણ ગામ જાશે રે,
આ માગરડો કોણ ગામ જાશે?

## બંદો દોડે દોડે !

બંદો દોડે દોડે ! કૂદે કૂદે ! નાચે નાચે રે !
વહાલા કૂદવા દે ને નાચવા દે
જેમ જીવડો રાચે રે ! બંદો૦
કેવાં વનનાં જો પંખેરું-
ઊડે ફુરૂ ફુરૂ ફુરૂ,
વહાલા ફુરૂ ફુરૂ ઊડવા દે,
જેમ જીવડો રાચે રે ! બંદો૦
શ્રાવણ કેરા મુશળમેઘો,
બંધો તોડી વર્ષે ધોધો,
વહાલા ધોધમારે મને વર્ષવા દે
જેમ જીવડો રાચે રે ! બંદો૦
બંદો દોડે દોડે ! કૂદે કૂદે ! નાચે નાચે રે !
બંદો રોક્યો ના રહે, ખાળ્યો ના રહે,
સાચે સાચે રે !
તીખી દાવાનળની ઝાળો,
ધીખે હડાહડ વિકરાળો !
વન આખાને ઘેરી જેવી કૂદે નાચે રે !
વહાલા કૂદવા દે ને નાચવા દે
જેમ જીવડો રાચે રે ! બંદો૦
જેવી વીજો વાદળ કેરી,
ગાજે ગાઢાં વાદળ વેરી,
છાતી વિધન વાંધા કેરી,
ચરર ચરર નાખતી ચીરી;
કડડ કડડ જેમ ભૂરાંટી
ગગન ગાજે રે !
વહાલા કૂદવા દે ને નાચવા દે
જેમ જીવડો રાચે રે! બંદો૦

## ઘરમાં ભમરો આવ્યો રે –

ઘરમાં ભમરો આવ્યો રે –
ગુણ ગુણ ગુણ ગુણ કરતો !
કોની ખબરો લાવ્યો રે –
ઘર ઘર વન વન ફરતો !
વાદળમાંથી વહાણાં વાયાં,
ખીલ્યાં વનનાં ફૂલ;
વધામણાં ભમરાજી લાવ્યા,
એ તો ફૂલડાં ઉપર ડૂલ રે !
ફૂલ ફૂલ ગણ ગણ કરતો !
એ ફૂલની વાત અમૂલ રે,
નિશદિન ગણ ગણ કરતો !
વનફૂલની આ સુણી વારતા,
કેમ રહ્યું ઘર જાય ?
મનના ઘોડા આકળા –
એ ઝાલ્યા કેમ ઝલાય રે –
હણ હણ હણ હણ કરતા ?
ને બેઠું કેમ રહેવાય રે –
ઘડી પળ ગણ ગણ કરતાં ?
ગાણું તો ભમરા તણું,
ને સમય તણું વળી વહેણ;
જાળ ઘણેરી અટપટી-
એ તાણો ને એ વાણો રે –
જાદુગર વણ વણ કરતો !
એ તાગ વગરનું ગાન રે
ભમરો ગુણ ગુણ કરતો !

## તારે અભિસારે

એકલો એકલો નીકળ્યો હું તો
        તારે અભિસારે !
સાથે સાથે આ ચોરની ચાલે
        કોણ આવે અંધારે ? એકલો૦
ટાળવા કેટલી કારી કરી !
વાંક લઉં તો ત્યાં પણ ફરી !
કાશ ગઈ કહી હાશ કરું ત્યાં
        લપ હારેની હારે ! એકલો૦
ધરણીને ધ્રુજાવતો ચાલે,
        કેટલો લપલપાટ !
જે વાત ચાલે તેમાં ઘાલે
        ઝટ પોતાની વાત ! એકલો૦
એ તો મારો 'હું' જ પ્રભુ !
        નલાજાને કેટલું કહું ?
એને લઈને શું મોં લઈને
        આવું તારે દ્વારે ?
એકલો એકલો નીકળ્યો હું તો,
        તારે અભિસારે !

## બાપજી બાપા

આ એકલા મારે લાખની તોલે,
બાપજી બાપા !
આ મીઠા મારે ધ્રાખની તોલે,
બાપજી બાપા !
કાજ તે એનાં જૂજવાં,
સાજ તે એના જૂજવાં,
એ જ અમારા ખેલના ભેરુ,
બાપજી બાપા !
એ જ અમારા મેળના મેરુ,
બાપજી બાપા !
એ જ હાસ્ય સુખમાં,
એ જ અશ્રુ દુ:ખમાં,
પળે પળે મારા માવજી તોલે,
બાપજી બાપા !
ખૂણે ખૂણે મારી દીવડી તોલે,
બાપજી બાપા !
મનના મોંઘા મોવડી તોલે,
બાપજી બાપા !
આ એકલા મારે લાખની તોલે,
બાપજી બાપા !

## અમે હાથે તે કામ બધાં કીજીએ રે !

અમે હાથે તે કામ બધાં કીજીએ રે !
        નહીં બાધા કે બંધનોથી બીજીએ રે ! અમે૦
અમે જોઈએ, તપાસીએ ને બૂઝીએ રે;
        અમે ભાંગીએ, તોડીએ ને પાછા જોડીએ રે ! અમે૦
અમે સર્વ દેશોમાં ઘૂમી આવીએ રે !
        જેવા ફાવે તેવા સાજ અંગ ધરીએ રે ! અમે૦
કોને પરવા છો પહોંચીએ કે થાકીએ રે !
        કોને પરવા છો ફાવીએ કે હારીએ રે ! અમે૦
અમે લીધાં કામ એમ કેમ છોડીએ રે !
        કદી છોડીએ તો મોત માગી લીજીએ રે ! અમે૦
અમે બાવડાંના બળે નિપજાવીએ રે !
        પ્રાણ ખરચીને ગમતાં ઘર બાંધીએ રે ! અમે૦
એવા હાથનાં ચણેલ ઘર વસાવીએ રે !
        અમે હાથે તે કામ બધાં કીજીએ રે !

## તું તો જાગી નહીં !

પોતે પધાર્યા'તા, બિરાજ્યા'તા, તારી જોડાજોડ !
છેક તારી જોડાજોડ ! તારી જોડાજોડ –
તારા ભાગ્યની શી ખોડ ?

તું તો જાગી ગઈ નહીં!
ભૂંડી! તું તો ઊંઘી રહી!
તું તો જાગી નહીં ભૂંડી! તારી નીંદર કેવી ઊંડી?
તારા ભાગ્યમાં જ નહીં!
તું તો જાગી ગઈ નહીં!
ભૂંડી! તું તો ઊંઘી રહી!
રાત્રિના એકાન્તે આવ્યા, વીણા સુંદર સંગે લાવ્યા,
એવા ઘેરા રાગો ગાયા -
સુણ્યા નહોતા ક્યંઈ;
જેવા સુણ્યા નહોતા ક્યંઈ!
નહોતા નહોતા સુણ્યા જેવા, ઘેરા રાગો ગાયા તેવા –
તારા સપનાની મહીં!
તોયે તું તો જાગી નહીં!
ભૂંડી! તું તો ઊંઘી રહી!
જાગીને જોઉં તો દખણાદાં હવા પૂર –
મઘમઘતાં શાં મધુર!
એની ગંધે ચકચૂર – એની ગંધે ચકચૂર,
ઘર અંધારાંનાં પૂર, મને કીધી ગાંડીતૂર!
હું તો ભાન ભૂલી ગઈ!
હું તો ભૂંડી ઊંઘી રહી!
અભાગિણી જાગી નહીં!
રજની ઉપર રજની મારી ઊડી ચાલી એળે સારી,
જોડાજોડે બેઠા મારી – તોયે છેટી રહી!
પાસે છતાં છેટા વહાલા!
એનાં ફૂલડાંની માળા –
અંગે અંગે લાગી ગઈ!
હું તો તોયે ઊંઘી રહી!
હું તો તોયે ભેટી નહીં!
અભાગિણી જાગી નહીં!

## મરણનો સત્કાર

મરણ જે દિન દિનને છેડે
    આવશે તારે દ્વાર, આવશે તારે દ્વાર;
તે દિન શું ધન દઈને એનો
    કરશે તું સત્કાર, કરશે તું સત્કાર ?
ભર્યોભાદર્યો પ્રાણ આ મારો,
સમ્મુખે ધરી દઈશ હું સારો;
ખાલી હાથે હું તો એને
    નહીં રે દઉં જાકાર ! નહીં રે દઉં જાકાર !
મરણ જે દિન દિનને છેડે
    આવશે મારે દ્વાર, આવશે મારે દ્વાર !
કેટલી શરદ વસંત રાતો,
કેટલી સંધ્યા ને પ્રભાતો,
    જેટલા રસ આ જીવનઘાટ મોઝાર;
કેટલાં ફળ ને કેટલાં ફૂલ,
ઊભરાયાં મારાં હૃદય સંકુલ,
    દુ:ખ ને સુખના છાયા ને ચમકાર –
જે કંઈ મારું સંચિત ધન,
આટલા દિનનું જે આયોજન,
ચરમ દિને દઈશ એને ઉપહાર !
                                દઈશ એને ઉપહાર !
મરણ જે દિન દિનને છેડે
    આવશે મારે દ્વાર ! આવશે મારે દ્વાર !

## આદર્શ ચિંતન

(સંસ્કૃત શ્લોકોનો ભાવાનુવાદ)

ઈશનું રાજ્ય છે આખું, જે જે આ જગતી વિશે;
ત્યાગીને ભોગવી જાણો, વાંછો મા ધન અન્યનું. - ૧

ભેળાં પાળો આપણ બેઉને તે;
ભેળાં તારો આપણ બેઉને તે;
ભેળાં મળીને પુરુષાર્થ કીજિયે,
તેજસ્વી શિક્ષણ આપણું હજો;
દ્વેષીલાં ના મન આપણાં થજો. - ૨

અસત્ય થકી સત્ય પ્રતિ, લઈ જા રે મને,
લઈ જા રે મને.
તમસ થકી જ્યોતિ પ્રતિ, લઈ જા રે મને,
લઈ જા રે મને.
મૃત્યુ થકી અમૃત પ્રતિ, લઈ જા રે મને,
લઈ જા રે મને. - ૩

કર ચરણ તણા વા, વાચ કે કર્મના વા
શ્રવણ નયનના વા, માનસી જેહ દોષો;
કૃત અણકૃતના વા, માફ સર્વે કરો હે
જય જય કરુણાબ્ધે, શ્રી મહાદેવ શંભો. - ૪

નથી મને કામના રાજ્યની વા
ન સ્વર્ગની, ના ભવ છૂટવાની;
છે કામના એક ખપી જવાની,
પીડિતનાં દુ:ખ નિવારવામાં. - ૫

કલ્યાણ સારી જનતાતણું હો
પાળો પૃથ્વી ન્યાયથી રાજ્યકર્તા;
ગો બ્રાહ્મણોનું શુભ નિત્ય વર્તો
સુખી સદા લોક સમસ્ત થાઓ. - ૬

વિષ્ણુ, શંકર, રામ, કૃષ્ણ અથવા
હો બુદ્ધ વા સિદ્ધ વા,
કોન્ફ્યૂશ્યસ, જરથુસ્ત હો,
અગર હો મહમૂદ ઈસા મૂસા.
જીત્યા રાગ, દ્વેષ, મોહ, મદ જે
જે ભૂત દુ:ખે દ્રવ્યા,
માનું પૂજ્ય, ગુણો વડે જ ગરવા
જે જે મહાત્મા થયા. - ૭

દુ:ખ તે તો નહીં દુ:ખ, સુખ તેય નહીં સુખ;
ભૂલીએ પ્રભુ એ દુ:ખ સ્મરીએ રામ એ સુખ. - ૮

## ફાતેહ

(ઉર્દૂમાંથી અનુવાદ)

બિસ્મિલ્લાહ ઈર્‌રહમના ઈર્‌રહીમ !
અલ્લાહ કે નામસે, રહમાન કે નામસે
રહીમ કે નામસે !
ગુણગાન એક ઉસીકા,
ગુણગાન એક ઉસીકા –
જો માલિક હૈ, જો પાલક હૈ,
જો વિશ્વ સકલકા ચાલક હૈ,
જો ક્યામતકા અધિનાયક હૈ,
ગુણગાનોંકા વર માલિક હૈ !
તુજ હી કો હમ ભજતે હૈં,
તેરી હી આશા કરતે હૈં !
બિસ્મિલ્લાહ ઈર્‌રહમાન, ઈર્‌રહીમ !
અલ્લાહકે નામસે, રહમાન કે નામસે,
રહીમ કે નામસે !
યા અલ્લાહ ! યા અલ્લાહ !
બતા હમેં વહ સીધી રાહ -
તેરી રહમોં કે અધિકારી
ચલતે આયે હૈં જિસ રાહ;
ઉલ્ટી રાહોંસે જો ચલતે,
તેરી ખૌફોંસે જો જલતે -
ઐસોંકી જો પાપી રાહ,
બચા હમેં ઉસસે અલ્લાહ !

## કેટલીક ધૂન

(૧)

રાજ્ય માગું નહીં, સ્વર્ગ માગું નહીં;
મુક્તિકી નીંદમેં ક્યા મજા હૈ?
દીન કે દુ:ખ ભવ ભવ મિટાતા રહૂઁ,
દીનબંધુ યહી વર મુઝે દે!

(૨)

ટૂંકુ ટચૂકડું નામ
રામ રામ રામ બોલો.
રામ રામ બોલો
સિયારામ રામ બોલો,
અંતરમાં આપશે આરામ
રામ રામ રામ બોલો.

(૩)

સાથે રમીએ, સાથે જમીએ,
સાથે કરીએ સારાં કામ;
કાયમ રહેજો આપણી સાથે,
ઘટ ઘટ વસતા શ્રી ભગવાન.
ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

(૪)

મને વહાલું વહાલું વહાલું દાદા રામજીનું નામ;
મારે અવર વિદ્યા તણું હવે નથી કાંઈ કામ!

(૫)

મારું ગરીબ કેરું ધન, રામ તૂ હિ તૂ હિ!
મારું મૂંગાનું વચન, રામ તૂ હિ તૂ હિ!
જન્મ કાળનો હિંડોળો, રામ તૂ હિ તૂ હિ!
મૃત્યુ ટાણે શીતળ ખોળો, રામ તૂ હિ તૂ હિ!

(૬)

સાચી વાણીમાં શ્રીરામ,
સાચા વર્તનમાં શ્રીરામ;
જનસેવામાં પામીશું
પ્યારા રામ રામ રામ.

(૭)

મારાં નયનોમાં પરમેશ્વર આવી વસો,
મારા હાથોમાં પરમેશ્વર આવી વસો,
મારા હૃદયમાં પરમેશ્વર આવી વસો,
મારી જિહ્‌વાગ્રે પરમેશ્વર આવી વસો.

(૮)


જીવનમાં સત્ય ખોજ, રામ બોલ રામ બોલ,
પ્રેમ તણો મંત્ર રટી, કૃષ્ણ બોલ કૃષ્ણ બોલ,
હૈયે કરુણા ધરી, બુદ્ધ બોલ, બુદ્ધ બોલ!
જીવનમાં સત્ય ખોજ રામ કૃષ્ણ બુદ્ધ બોલ!

(૯)

દિન રાત સુગંધ રહે ફૂલમાં,
પ્રભુ! એમ રહો અમ અંતરમાં,
અમ અંતરમાં અમ જીવનમાં
દિનરાત રહો અમ અંતરમાં.

# બાળગીતો

ગાલ્લી મારી ઘરરર જાય,
બળદ શીંગડાં ડોલાવતા જાય;...
ઘમ ઘમ ઘૂઘરા વાગતા જાય....



## બાલવાડી

અમે બાલવાડીમાં જઈને કે
હીંચકે હીંચતાં'તા !
અમે બાગમાં દોડી જઈને કે
પાણીડાં સીંચતાં'તાં !
અમે છોડવે છોડવે જઈને કે
ફૂલડાં વીણતાં'તાં !
અમે પતંગિયાની સાથે કે
દડબડ દોડતા'તાં !
અમે મીઠાં મીઠાં ગીતો કે
બહુ બહુ ગાતાં'તાં !
અમે બાલવાડીમાં જઈને કે
હીંચકે હીંચતાં'તાં !
અમને મઝા ત્યાં પડે એવી કે
વાત કોઈ પૂછશો મા !

## ચોકમાં દાણા નાખ્યા છે !

આવો ને ચકલી, આવોને ચકલા,
ચોકમાં દાણા નાખ્યા છે !
આવો કાબર કલબલ કરતી,
ચોકમાં દાણા નાખ્યા છે !
આવો ને કોયલ કુઉ કુઉ કરતી,
ચોકમાં દાણા નાખ્યા છે !
આવો ને પોપટ રામ રામ ભજતા,
ચોકમાં દાણા નાખ્યા છે !

## ચકલી

આવીને ઊડી ના જઈશ,
 ઓ ચકલી ! આવીને ઊડી ના જઈશ !
તને ચપટી ચવાણું દઈશ,
 ઓ ચકલી ! આવીને ઊડી ના જઈશ !
તને ખોબલે પાણી પાઈશ,
 ઓ ચકલી ! આવીને ઊડી ના જઈશ !
તને ધૂળમાં રમવા દઈશ,
 ઓ ચકલી ! આવીને ઊડી ના જઈશ !
તને ખોળામાં બેસવા દઈશ,
 ઓ ચકલી ! આવીને ઊડી ના જઈશ !
તને ઘરમાં રહેવા દઈશ,
 ઓ ચકલી ! આવીને ઊડી ના જઈશ !
તને માળો બાંધવા દઈશ,
 ઓ ચકલી ! આવીને ઊડી ના જઈશ !
તારાં બચ્ચાંને ઊભી ઊભી જોઈશ,
 ઓ ચકલી ! આવીને ઊડી ના જઈશ !

## ચકીબહેન

ચકીબહેન, ચકીબહેન, મારી સાથે રમવા
આવશો કે નહિ ?
આવશો કે નહિ ?
ચક ચક ચણજે,
ચીં ચીં કરજે,
ચણવાને દાણા
આપીશ તને,
આપીશ તને. ...ચકીબહેન૦
બા નહિ વઢશે,
બાપુ નહિ બોલશે,
નાનો બાબો તને
ઝાલશે નહિ,
ઝાલશે નહિ. ...ચકીબહેન૦
ચકીબહેન, ચકીબહેન, મારી સાથે રમવા
આવશો કે નહિ ?
આવશો કે નહિ ?
બેસવાને પાટલો,
સૂવાને ખાટલો,
ઓઢવાને પીંછાં આપીશ તને,
આપીશ તને. ...ચકીબહેન૦
પહેરવાને સાડી,
મોરપીંછાંવાળી,
ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને,
આપીશ તને. ...ચકીબહેન૦
ચક ચક ચણજે,
ચીં ચીં કરજે,
ચણવાને દાણા આપીશ તને,
આપીશ તને. ...ચકીબહેન૦

## બહાદુર ચકલી

[ચકલીબાઈ રાજાને ઘેર જવા નીકળ્યાં છે. રસ્તે મળ્યો કૂકડો -
ચકીબહેન કયાં ચાલ્યાં ? ચકી કહે છે -]

રાજાને ઘેર જાવાં જી,
દાડમદાણા ખાવા જી,
ફુવારામાં નહાવાં જી.
રાજાને ખોળે બેસવાં જી !

[કૂકડાને તો રાજાની બીક લાગતી હતી. ચકીબહેન, તમને
રાજાની બીક લાગતી નથી ? ચકી કહે છે -]

બીએ મોટા પાડા,
બીએ મોટા હાથી !
હું નાની ચકલી,
હું શીદને બીઉં ?

[કૂકડાએ ખુશ થઈને ચકીને પોતાનાં પીંછાં આપ્યાં. આગળ
જતાં મોર મળે છે - ચકીબહેન કયાં ચાલ્યાં ? ચકી કહે છે -]

રાજાને ઘેર જાવાં જી
દાડમદાણા ખાવા જી
કુવારામાં નહાવાં જી
રાજાને ખોળે બેસવાં જી.

[મોર - ચકીબહેન, તમને રાજાની બીક નહીં લાગે ? ચકી કહે છે-]

બીએ મોટા પાડા,
બીએ મોટા હાથી,
હું નાની ચકલી
હું શીદને બીઉં ?

[મોરે પણ ખુશ થઈને ચકીબાઈને પીંછાં ભેટ આપ્યાં. રાજાનો મહેલ આવ્યો ત્યાં
સિપાહી કહે - એ ચકલી કયાં જાય છે ? ચકી કહે છે-]

રાજાને ઘેર જાવાં જી
દાડમદાણા ખાવા જી
કુવારામાં નહાવાં જી
રાજાને ખોળે બેસવા જી.

[સિપાહી કહે - ચાલી જા અહીંથી, નહિ તો તલવાર મારીશ.
પણ ચકીબાઈ શાનાં બીએ ? એ તો ઊડીને સિપાઈની પાઘડી પર બેસી ગયાં.
સિપાઈ તો ભડકીને ભાગી જ ગયો.
પછી રાજારાણી કહે - આવો આવો ચકીબાઈ !
રાજા કહે - ચકીબાઈ, અમારા કુવારામાં નહાઓ અને મઝા કરો.
રાણી કહે - આવો ચકીબાઈ, અમારા ખોળામાં બેસો અને દાડમદાણા ખાઓ.]

## મોર મામાની કેરી -

[ગોવિંદ આંબાવાડીએ રમવા ગયો હતો. આંબા ઉપર મોર મામા રહેતા હતા. એમણે રાજી થઈને તેને એક સુંદર કેરી આપી. ગોવિંદ તો ઘેર જતાં ગાવા લાગે છે.]

બાને જઈને બતાવીશ, મોર મામાની કેરી !
બાપાને જઈને બતાવીશ, મોર મામાની કેરી !
ભાઈને જઈને બતાવીશ, મોર મામાની કેરી !
બબલીબહેનને ખવરાવીશ, મોર મામાની કેરી !

[રસ્તે હોલાભાઈ મળે છે]

ગોવિંદા રે ગોવિંદા - ઘૂ ઘૂ ઘૂ ઘૂ !
ઢોલો થા મા, હોલો થા - ઘૂ ઘૂ ઘૂ ઘૂ !
બા પટાવી લઈ લેશે - ઘૂ ઘૂ ઘૂ ઘૂ !
બાપા બીવરાવી લઈ લેશે - ઘૂ ઘૂ ઘૂ ઘૂ !
ભાઈ ઝટપટ ઝૂંટવી લેશે - ઘૂ ઘૂ ઘૂ ઘૂ !
બબલી રોઈને લઈ લેશે - ઘૂ ઘૂ ઘૂ ઘૂ !

ગોવિંદ - હું કંઈ હોલો નથી, હું તો માણસ છું.

બાને જઈને બતાવીશ, મોર મામાની કેરી !
બાપાને જઈને બતાવીશ, મોર મામાની કેરી !
ભાઈને જઈને બતાવીશ, મોર મામાની કેરી !
બબલીબહેનને ખવરાવીશ, મોર મામાની કેરી !

[આગળ જતાં રસ્તે બગલો મળે છે.]

ગોવિંદા રે ગોવિંદા - ટપ માછલું ટપ !
ભગલો થા મા, બગલો થા - ટપ માછલું ટપ !
બા પટાવી લઈ લેશે - ટપ માછલું ટપ !
બાપા બીવરાવી લઈ લેશે - ટપ માછલું ટપ !
ભાઈ તો ઝટપટ ઝૂંટવી લેશે - ટપ માછલું ટપ !
બબલી રોઈને લઈ લેશે - ટપ માછલું ટપ !

ગોવિંદ - હું કંઈ બગલો નથી, હું તો માણસ છું.

બાને જઈને બતાવીશ, મોર મામાની કેરી !
બાપાને જઈને બતાવીશ, મોર મામાની કેરી !
ભાઈને જઈને બતાવીશ, મોર મામાની કેરી !
બબલીબહેનને ખવરાવીશ, મોર મામાની કેરી !

[ઘેર જઈને ગોવિંદે તો બાને કેરી બતાવી, બાપાને બતાવી, ભાઈને બતાવી અને પછી નાની બબલીબહેનને ખવરાવી.]

## ઊંચા ઊંચા આભમાંથી

ઊંચા ઊંચા આભમાંથી,
વાદળીઓના સાથમાંથી,
આવ મેહુલા આવ !
આવ મેહુલા આવ !

ઊંચા ઊંચા આભમાંથી,
ઝાડોનાં તો ઝુંડમાંથી,
આવ મોરલા આવ !
આવ મોરલા આવ !

ઊંચા ઊંચા આભમાંથી,
તારાઓના બાગમાંથી,
આવ ચાંદા આવ !
આવ ચાંદા આવ !

## દાતરડું

એ દાતરડું કેવું ?
— ઘાસ કાપે તેવું !
એ ઘાસ કેવું ?
— ગાય ખાય તેવું !
એ ગાય કેવી ?
— દૂધ આપે તેવી !
એ દૂધ કેવું ?
— દહીં થાય તેવું !
એ દહીં કેવું ?
— છાશ થાય તેવું !
એ છાશ કેવી ?
— માખણ નીકળે તેવી !

## રામ રસ પાકચા

હો બહેની ! ખેતરમાં રામ રસ પાકચા !
હો બહેની ! ઓરી ઓરી અમે થાકચાં !
　　હો બહેની ! ખેતરમાં રામ રસ પાકચા !
હો બહેની ! નીંદી નીંદી અમે થાકચાં !
　　હો બહેની ! ખેતરમાં રામ રસ પાકચા !
હો બહેની ! લણી લણી અમે થાકચાં !
　　હો બહેની ! ખેતરમાં રામ રસ પાકચા !
હો બહેની ! ઊપણી ઊપણી અમે થાકચાં !
　　હો બહેની ! ખેતરમાં રામ રસ પાકચા !
હો બહેની ! ભરી ભરી અમે થાકચાં !
　　હો બહેની ! ખેતરમાં રામ રસ પાકચા !
હો બહેની ! ચાલી ચાલી અમે થાકચાં !
　　હો બહેની ! ખેતરમાં રામ રસ પાકચા !

## ગાલ્લી મારી ઘરરર જાય

ગાલ્લી મારી ઘરરર જાય,
બળદ શીંગડાં ડોલાવતા જાય,
ઘમ ઘમ ઘૂઘરા વાગતા જાય ! - ગાલ્લી૦
ડોશીમા ડોશીમા, ચાલ્યાં તે ક્યાં ?
લાકડી લઈને ચાલ્યાં તે ક્યાં ?
મારી ગાડીમાં બેસો તમે,
રાજી રાજી બહુ થાશું અમે ! - ગાલ્લી૦
ખેડુભાઈ ખેડુભાઈ, ચાલ્યા તે ક્યાં ?
કોદાળી લઈને ચાલ્યા તે ક્યાં ?
મારી ગાડીમાં બેસો તમે,
રાજી રાજી બહુ થાશું અમે ! - ગાલ્લી૦
બચુભાઈ બચુભાઈ, ચાલ્યા તે ક્યાં ?
દોડતા દોડતા ચાલ્યા તે ક્યાં ?
કૂદીને ગાડીમાં બેસો તમે,
ગાતાં ગાતાં ઘેર જાશું અમે ! - ગાલ્લી૦

## બાલમંદિરિયું

બાલમંદિરિયું બાલમંદિરિયું,
અમારું સુંદર સોહાય,
વહાલું મારું બાલમંદિરિયું.
ટેકરીને શિખરે મંદિર અમારું,
દહેરાથી જાણે ધજાય,
વહાલું મારું બાલમંદિરિયું.
કાંકરીયે કાંકરી વહાલી મારી ટેકરીની,
ઝાડવાની ઝાઝી ઘટાય,
વહાલું મારું બાલમંદિરિયું.
સવારે સૂરજ હસતા રે આવે,
સાંજે હસી હસી જાય,
વહાલું મારું બાલમંદિરિયું.
સવારે સૂરજ સોનલાં રે વેરતા,
સાંજે ગુલાલ ઢોળી જાય,
વહાલું મારું બાલમંદિરિયું.
કોઈ રાતના દૂધના ડેકે સરોવર,
કોઈ રાત તારા વરસાય,
વહાલું મારું બાલમંદિરિયું.
સૂરજલોકથી ને ચાંદા તે લોકથી,
તારાથી આવ મોરી માંય,
વહાલું મારું બાલમંદિરિયું.
સામે તે ઘૂઘવે ઘેરો સમુંદર,
આવ આવ ત્યાંથી જગમાંય !
વહાલું મારું બાલમંદિરિયું.

## મને વહાલું

મને વહાલું બાપુ કેરું નામ છે રે;
એને હૃદિયે રઘુપતિ રામ છે રે,
મને વહાલું૦
પહેરી પોતડી ને ચાખડીએ ચાલતા રે,
વહાલો બાવા બધાને બનાવતા રે.
મને વહાલું૦

## આજ અમારે છુટ્ટી !

મજા મજા રે મજા,
અહો ભાઈ, આજ અમારે મજા !
છચ્છ દહાડાં સજા ખમ્યા ત્યારે
માંડ મળી છે રજા !
અહો ભાઈ, આજ અમારે મજા ! - ૧

ગમ્મત ગમ્મત ગમ્મત,
ભાઈ, આજ અમારે ગમ્મત !
છચ્છ દહાડા થપ્પડ પડી ત્યારે
માંડ મળી છે ગમ્મત !
ભાઈ, આજ અમારે ગમ્મત ! - ૨

લહેર લહેર રે લહેર,
અહો ભાઈ, આજ અમારે લહેર !
છચ્છ દહાડા ઝેર મળ્યાં ત્યારે
આજે લીલાલહેર !
અહો ભાઈ, આજ અમારે લહેર ! - ૩

આજ ખરો તહેવાર,
અમારે આજ ખરો તહેવાર !
છચ્છ દહાડા અંધારું ત્યારે
પ્રગટ્યો ઝળઝળકાર !
અમારે આજ ખરો તહેવાર ! - ૪

આજ અહો આનંદ !
અમારે આજ અહો આનંદ,
છચ્છ દહાડા બંધ રહ્યા ત્યારે
માંડ મળ્યો સ્વચ્છંદ !
અમારે આજ અહો આનંદ ! - ૫

રાજી રાજી રાજી,
ભાઈ, આજ અમે બહુ રાજી !
છચ્છ દહાડા મહેતાજી ત્યારે
આજ હવા છે તાજી !
ભાઈ, અમે બધા બહુ રાજી ! - ૬

છુટ્ટી છુટ્ટી છુટ્ટી,
અહો ભાઈ, આજ અમારે છુટ્ટી !
છચ્છ દહાડા ગોખણપટ્ટી,
આજ રસની લૂટમલૂટી !
ભાઈ, આજ અમારે છુટ્ટી ! - ૭

(આંધળાનું ગાડું)

## સ્વ. જુગતરામ કાકાને -

એક એવા તે આદમીની વાત છે...
સૂરજના આથમ્યા* પછીની શીળી
ચંદન શી ચમકંતી ચાંદનીની રાત છે !
પુરાણી વારતામાં દ્રોણજીએ અન્યાયે
અંગૂઠો ભીલ કેરો માગિયો;
પ્રાયશ્ચિત્ત કરવાને કળિયુગે એક દ્વિજ
દ્રોણવતી દંડક-વન આવિયો !
દીન-હીન દુખિયાના રુદિયાની કુટિયામાં
મમતામય એનો મુકામ છે. ...એક૦
ખળ ખળ હસવાનું એ નિર્મળ હથિયાર
લઈ ઝૂઝયા સેવાના સંગ્રામમાં;
વ્હાલ એણે વાવ્યું છે માણસની ધરતીમાં
રાખી વિશ્વાસ એક રામમાં !
પાવન પગલાં પડયાં જે ધરતીની ધૂળમાં
એ વેડછી તો પાંચમું ધામ છે ! એક૦
રાન મહીં ગાન દીધાં, જંગલમાં
મંગલના દીવા પેટાવ્યા વેરાનમાં;
માટીના મડદાને માણસ કીધાં રે
એણે મંતર મારીને મીઠાં જ્ઞાનનાં !
રાનીપરજનાં એ વ્હાલસોયા રામ
અને ગુર્જરવાસીના ઘનશ્યામ છે ! એક૦
કોઈના ન વેરી, એ સહુના રે સંગી,
ને તોયે સદાયે નિજ રંગી;
ઝરમર વરસે કે ધખે ધગધગતી આગ
એનો રાગ તો સદાયનો ઉમંગી !
વાલ્મીકિ, વ્યાસ જેવા ઋષિઓ સરીખી
કેવી ઊંચી-અનોખી એની ન્યાત છે !
એક એવા તે આદમીની વાત છે !

- મોહન મઢીકર-'આનંદ'

---

* ગાંધીજીનું અવસાન.



Indian Institute of Advanced Study
Acc. No. 130202
Date 6-9-2010
Simla

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

Library IIAS, Shimla
GJ 891.473 M 264 A
00130202

SABARMATI ASHRAM
000642 Ahmedabad
ANTARPAT GUJ.
MRP:Rs.30